ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૯/૨૦–૨૧/ 301 તારીખ : 25 JAN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી પાટડીયા રીતેશભાઈ કિશોરભાઈ,**
લેન્ડ સર્વે નં–૪૩૮, પળો નં–૧ અને ૨,
મું. શેખપર, તા.મૂળી,
શકિત કોટનની બાજુમાં,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૦૯૯૯ ૨૩૭૦૫**

કેસ નં.૫૯/૨૦–૨૧

**વિષય : ઓડિટ બિલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૭/૧૦/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૧૦/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૯/૨૦–૨૧/૩૭૭૪ તા.૦૨/૧૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૯/૨૦–૨૧/૪૦૭૮ તા.૨૬/૧૧/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૯/૨૦–૨૧/૪૪૫૮ તા.૨૮/૧૨/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૮/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૫૯/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી પાટડીયા રીતેશભાઈ કિશોરભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૦૫/૧૨/૨૦૨૦ તથા તા.૦૮/૦૧/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી રાજેશભાઈ જી.દવે – (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પાટડીયા રીતેશભાઈ કિશોરભાઈ, મું.શેખપર, તા.મૂળી, જી.સુરેન્દ્રનગર ની ઓડિટ બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૯/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૯/૨૦–૨૧/૩૭૭૪ તા.૦૨/૧૧/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૫/૧૨/૨૦૨૦ તથા તા.૦૮/૦૧/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, તા.૦૫/૧૨/૨૦૨૦ ના રોજ વાદી ગેરહાજર રહેલ તેમજ તા.૦૮/૦૧/૨૦૨૧ ના રોજ વાદી શ્રી પાટડીયા રીતેશભાઈ કિશોરભાઈ વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી રાજેશભાઈ જી.દવે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી પાટડીયા રીતેશભાઈ કિશોરભાઈ, ગ્રાહક નં–૨૫૯૩૦/૦૦૦૧૮/૨ થી સુરેન્દ્રનગર રૂરલ પેટા વિભાગીય કચેરી માં ૧૦૦ કિ.વો.નું ઔધોગીક વિજ કનેકશન ધરાવતા હતા.

૧.૨ વાદી દ્વારા માહે જુન – ૨૦૧૮ માં ૬૫ કિ.વો.થી ૩૫ કિ.વો. નો વધારો કરી ૧૦૦ કિ.વો. નો વિજ ભાર વધારો કરાવેલ હતો. ત્યારબાદ તેઓની ફેકટરીમાં વિજ વપરાશ ૧૦૦ કિ.વો. ઉપર થવા પામેલ હોવાથી, પીજીવીસીએલ ની કચેરી દ્વારા તેઓને મૌખિક રીતે HTP-1 કરવા માટે કહેવામાં આવેલ નહીતરી નોટીસ આપની વિજ બિલમાં ચાર્જ ઉમેરીને બિલ આપવામાં આવશે તેમ જણાવેલ હતું. તેના અનુસંધાનમાં, વાદીએ તુરત જ HTP-1 વિજ કનેકશન માટેની કાર્યવાહી કરેલ હતી.

૧.૩ વિજ કચેરીની સૂચના મુજબ ગ્રાહક નં–૨૫૯૩૦/૦૦૦૧૮/૨ વાળું કનેકશન વિજભાર ૧૦૦ કિ.વો.થી વધારી ૧૪૦ કિ.વો.એ નું LTMD To HT કરાવેલ હતું તેમજ LTMD વિજ કનેકશનમાં ભરેલ સીકયુરીટી ડિપોઝીટ ની રકમ પણ એચ.ટી.વિજ કનેકશનમાં ટ્રાન્સફર કરાવેલ હતી.

૧.૪ ઓડિટ ટીમ દ્વારા ઔધોગીક વિજ કનેકશન નો સમયગાળો બે વર્ષનો પૂર્ણ ના થયેલ હોવાથી, તફાવત ના મહિના મુજબ નો મીનીમમ ચાર્જ ભરવા માટે રીકવરી આપતા તે મુજબ ની રકમ ભરવા માટે પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૯/૬/૨૦૨૦ ના રોજ નોટીસ આપેલ હતી. જેની નકલ સામેલ છે.

૧.૫ વાદીની રજૂઆત છે કે, તેમનું વિજ જોડાણ એગ્રીમેન્ટ પીરીયડ પહેલા રદ કરાવેલ નથી. પણ સદર વિજ કનેકશન LTMD To HT કરાવેલ છે. તો પછી શા માટે, મીનીમમ ચાર્જ ની રકમ વસૂલવામાં આવે છે. તેમજ જો આ રકમ નહી ભરવામાં આવે તો, એચ.ટી.વિજ કનેકશનમાં ઉધારી દેવામાં આવશે, તેમ જણાવેલ છે. જેથી, નિયમ મુજબ યોગ્ય કરવા રજૂઆત કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદીશ્રી પાટડીયા રીતેશભાઈ કિશોરભાઈ અત્રેના તાબા હેઠળની સુરેન્દ્રનગર રૂરલ પેટા વિભાગીય કચેરીમાં ૬૫ કિ.વો.નું વિજ જોડાણ ગ્રાહક નં–૨૫૯૩૦/૦૦૦૧૮/૨ થી તા.૬/૫/૨૦૦૬ થી LTMD વિજ કનેકશન ધરાવતા હતા.

૨.૨ વાદી દ્વારા સદર વિજ જોડાણ ૬૫ કિ.વો.માં ૩૫ કિ.વો.નો લોડ વધારા માટેની અરજી અન્વયે, અત્રેની સુરેન્દ્રનગર રૂરલ કચેરી દ્વારા સદર લોડ વધારો ૧૦૦ કિ.વો. તા.૧૨/૬/૨૦૧૮ ના રોજ રીલીઝ કરેલ હતો.ત્યારબાદ,વાદી દ્વારા ૧૦૦ કિ.વો.એલ.ટી.વિજ જોડાણ માંથી એચ.ટી.નું ૧૪૦ કિ.વી.એ.(એલ.ટી.થી એચ.ટી.)ની અરજી કરેલ જે અન્વયે, વિભાગીય કચેરી દ્વારા તા.૨૧/૫/૨૦૧૯ ના રોજ ૧૪૦ કેવીએ નું વિજ જોડાણ રીલીઝ કરેલ છે.

૨,૩ સપ્લાય કોડ ની શરત ૪.૧૦૨ મુજબ જો કોઈ ગ્રાહક ૨ વર્ષની અંદર તેનો કરાર પૂર્ણ કરે અને પુરવઠાની ઉપયોગ ૨ વર્ષ માટે ના કર્યો હોય તો, ૨ વર્ષમાં ખૂટતા દરેક મહિના નો ન્યુનતમ ચાર્જ વસુલવા પાત્ર થાય. સપ્લાય કોડ ની શરત ૪.૧૦૨ ની નકલ આ સાથે સામેલ છે. અત્રેની કચેરી દ્વારા તા.૧૦/૧૦/૨૦૧૮ ના રોજ અને તા.૧૭/૫/૨૦૧૯ ના રોજ સદર બાબતે માહિતગાર કરવા માટે પત્ર લખી જાણ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. તેમજ સદર રકમ ભરવા માટે પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૯/૬/૨૦૨૦ ના રોજ નોટીસ આપેલ હતી. જેની નકલ સામેલ છે.

૨.૪ ઓડિટ ટીમ દ્વારા ઔધોગીક વિજ કનેકશનનો સમયગાળો બે વર્ષ નો પૂર્ણ ના થયેલ હોવાથી તફાવત ના ૧૦ મહિના નો એટલે કે સપ્ટે–૨૦૧૯ થી જુન–૨૦૨૦ સુધીનો મીનીમમ ચાર્જ (રૂા.૧૧૦૭૫/– x ૧૦) = રૂા. ૧,૧૦,૭૫૦/–ભરવા માટે ગ્રાહકને પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૯/૬/૨૦૨૦ થી પત્ર નં–૫૦૪૬ થી અને પત્ર નં–૭૨૩૦ થી તા.૭/૧૧/૨૦૨૦ ના રોજ સદર રકમ ભરવા માટે જાણ કરેલ હતી. આમ છતાં, સદર રકમ ભરપાઈ કરવામાં આવેલ ન હતી. આથી, તે મુજબ ની રકમ એચ.ટી. ગ્રાહક નં–૧૮૬૯૯ માં ઓકટોબર–૨૦૨૦ માં ઉધારવામાં આવેલ હતી.જેની નકલ આ સાથે સામેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## Forum's Findings:

On the basis of representations from Complainer and Respondent, documents produced before Forum and relevant Regulations, Forum's findings are under:

**3.1** Complainer, Patadiya Riteshbhai Kishorbhai, is HT consumer bearing consumer number 18699 having contract demand of 140 KVA under HTP-I tariff at village Sekhpar of Muli Taluka.

**3.2** Earlier Complainer's connection was 65 KW under LTMD tariff, and then 65 KW load was extended to 100 KW on 12.06.2018. Then, Complainer had applied for conversion (mergeing) of LTMD to HTP-I tariff with extension of load from 100 KW (LTMD) to 140 KVA (HTP -I). Accordingly, after observing all formalities, Respondent released HT connection of 140 KVA on 21.05.2019.

**3.3** Respondent's audit team, during their audit, raised the Audit Para that Complainer's LTMD connection of 100 KW (Additional load) was released on 12.6.2018 and said connection was converted to HT connection of 140 KVA on 21.5.2019, and since LTMD connection of 100 KW had not completed period of 02 (TWO) years, Complainer is liable to pay minimum charges of two years for his LTMD connection of 100 KW. As per Respondent's Audit Team, since the LTMD connection (100 KW) was released on 12.6.2018, Complainer is liable to pay minimum charges of LTMD connection up to 12.6.2020. As per Audit Team's report, Respondent issued supplementary bill of Rs 1,10,750/- as minimum charges of LTMD connection of 100 KW.

**3.4** In their submission, Respondent has cited provision of section 4.102 of GERC Supply Code 4/2015. As per provision of section 4.102:

*4.102*: ***If any Consumer terminates his Agreement within period of 2 years of the commencement of new or additional supply (or where no formal Agreement is tendered, if the Supply is not utilized for the period of 2 years which would***

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

*have been applicable if an Agreement has been tendered), he shall be liable to pay the minimum charges for each month short of the period of 2 years specified in the Agreement or the stipulated period of 2 years in absence of any formal Agreement. Reduction of load to the tune of 10% of the sanctioned load specified in the agreement (formal or informal) should be allowed after I (One) year after the date of the agreement without recovering minimum charge for such reduced load for the period short of the period of 2 years.*

**3.5** As per above referred provision of section 4.102, consumer is liable to pay minimum charges for short of the period of 2 years, if consumer terminates his agreement within period of 2 years of the commencement of new or additional supply. In the instant case Complainer's LTMD connection of 100 KW was merged (converted) into HT connection of 140 KVA supply. Complainer has not terminated his agreement for LTMD connection. Complainer has got his LTMD connection merged into HT connection with extension Of load from 100 KW to 140 KVA. In view of this, section 4.102 is not applicable to the instant case. Respondent has wrongly interpreted the section 4.102 and issued supplementary bill of Rs 1,10,750/- to Complainer.

**3.6 *ORDER*: On the basis of above observations and conclusions, it is ordered that supplementary bill of Rs 1,10,750/- issued to Complainer be cancelled by Respondent.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ ન. ૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે.એમ.મેહતા)<br>સ્વતંત્ર સભ્યશ્રી | (પી.એલ.આજકીયા)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર.વજરીયા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– ૦૮/૦૧/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.